# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

આઝાદી કા અમૃત મહોત્સવ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસ:૧૫૮૭ /૧૧/૨૦૨૨ તા:૨૦/૧૧/૨૦૨૨

દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના સપૂત શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે
આજે દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકી એક એવા સૌરાષ્ટ્રના સોમનાથ ખાતે પહોંચી
ભગવાન ભોલેનાથની પૂર્ણ ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કરી હતી.
ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લાની ચાર બેઠકોના ભારતીય જનતા પાર્ટીના ઉમેદાવારોના સમર્થનમાં
વિશાળ જનસભાને સંબોધન કર્યું હતું

---

લોકતંત્રના મહાપર્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારની આ પહેલી સભા
સોમનાથ દાદાની ધરતી ઉપર થઇ રહી છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

અત્યાર સુધી રાજ્યએ વિકાસની હરણફાળ ભરવામાં પાછી પાની કરી નથી.
લોકતંત્રના આ મહાપર્વમાં ગુજરાતમાં વિકાસની ગતિ બંધ ન થાય તે માટે
ડબલ એન્જિનની સરકાર આ વખતે પણ સ્થાપીત કરવી જરૂરી છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

આ વખતે નરેન્દ્રના નામે થયેલ તમામ રેકોર્ડ ભૂપેન્દ્ર તોડે તેવી મારી અદમ્ય ઈચ્છા છે અને
તેના માટે તમારે મતદાન કરવાનું છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

પહેલાં ગુજરાતની છબી ખરડાયેલી હતી અને દેશ અને વિશ્વમાં વાતો થતી હતી કે
ભારત કાંઇ નહીં કરી શકે અને ગુજરાત પણ કાંઇ નહીં કરી શકે.
પહેલાં એક રૂપિયાનું કામ કરાવવું હોય તો આપણે સો રૂપિયાનો ખર્ચ કરવો પડતો હતો – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

આજે ગુજરાતને શું જોઇએ છે તેમની મારી કેન્દ્રની સરકારને ખબર હોવાથી
ગુજરાત માંગે તે પહેલાં ગુજરાતને આપી દેવામાં આવે છે – શ્રી નરેન્દ્રભાઇ મોદી

---

ગુજરાતની જનતા આજ દિન સુધી ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂકતી આવી છે
આ વખતે પણ એ વિશ્વાસ કાયમ રાખી
ગુજરાતને પ્રગતિના પંથે લઇ જવા અપીલ– શ્રી નરેન્દ્રભાઇ મોદી

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


---

**ગીર સોમનાથ જિલ્લાના ચારેય કમળ ગુજરાત વિધાનસભામાં મોકલવાના છે એવું જિલ્લાની જનતાએ નક્કી કરી લીધુ છે – શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

---

**દેશના નાગરિકો જ નહીં પરંતુ વિશ્વના નાગરિકો આજે શ્રી મોદી સાહેબને વૈશ્વિક નેતા તરીકે જોવા ઇચ્છુક છે – શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ**

---

લોકતંત્રના આ મહાપર્વમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના સમર્થન અર્થે ગુજરાત ખાતે પધારેલ દેશના યશસ્વી વડાપ્રધાન અને ગુજરાતના સપૂત શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકી એક એવા સૌરાષ્ટ્રના સોમનાથ ખાતે પહોંચી ભગવાન ભોલેનાથની પૂર્ણ ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે પહોંચી ગીર સોમનાથ જિલ્લાની ચાર બેઠકોના ભારતીય જનતા પાર્ટીના ઉમેદાવારોના સમર્થનમાં વિશાળ જનસભાને સંબોધન કર્યું હતું.

રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાની પાવન ધરતી ઉપર ભગવાન સોમનાથની પૂર્જા અર્ચના કરી દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી ગીર સોમનાથ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના ચારેય ઉમેદવારોના સમર્થન આપવા આવી પહોંચ્યા છે ત્યારે આ વિશાળ જનસમૂદાયને જોઇ ગીર સોમનાથ જિલ્લાના ચારેય કમળ ગુજરાત વિધાનસભામાં મોકલવાના છે એવું જિલ્લાની જનતાએ નક્કી કરી લીધુ છે. દેશના વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રીશ્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ગુજરાતમાં વિકાસની યાત્રા પર લઇ જઇ વિશ્વ ફલક ઉપર પ્રસ્થાપિત કરી દીધું છે. ગુજરાતના વિકાસ મોડેલ ને દેશમાં સ્થાપિત કરી વિકાસની ગતિએ લઇ ગયાં છે ત્યારે માત્ર દેશના નાગરિકો જ નહીં પરંતુ વિશ્વના નાગરિકો આજે શ્રી મોદી સાહેબને વૈશ્વિક નેતા તરીકે જોવા ઇચ્છુક છે. વિશ્વના દેશો આજે ભારતના નેતૃત્વનો સ્વિકાર કરી આગામી જી-૨૦નું નેતૃત્વ ભારતને કરવાની જવાબદારી આપી વૈશ્વિક નેતૃત્વ શ્રી મોદી સાહેબને સોંપવા અંગેની તૈયારી દર્શાવી દિધી છે.

વડાપ્રધાનશ્રી નરેનદ્રભાઇ મોદી સાહેબે વિશાળ જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, લોકતંત્રના મહાપર્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારની આ પહેલી સભા સોમનાથ દાદાની ધરતી ઉપર થઇ રહી છે. સોમનાથ દાદાના આર્શિવાદ અને જિલ્લાના જનતા જનાર્દન આર્શિવાદ મળવાથી મારા તમામ રેકોર્ડ તોડી

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

ભૂપેન્દ્રના નવા રેકોર્ડ સ્થાપિત થવાની છે તે નક્કી થઇ ગયું છે. આપણે સૌ એ મતદાન કરવું એ લોકતંત્રમાં ખૂબ જ આવશ્યક છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધી રાજ્યએ વિકાસની હરણફાળ ભરવામાં પાછી પાની કરી નથી. લોકતંત્રના આ મહાપર્વમાં ગુજરાતમાં વિકાસની ગતિ બંધ ન થાય તે માટે ડબલ એન્જિનની સરકાર આ વખતે પણ સ્થાપીત કરવી જરૂરી છે. ચૂંટણીમાં મત માંગવા એ મારૂ કર્તવ્ય છે, મતદાન કરવું એ તમારૂ કર્તવ્ય છે. આ વખતે નરેન્દ્રના નામે થયેલ તમામ રેકોર્ડ ભૂપેન્દ્ર તોડે તેવી મારી અદમ્ય ઇચ્છા છે અને તેના માટે તમારે મતદાન કરવાનું છે. ગુજરાતની જનતા આજ દિન સુધી ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂકતી આવી છે આ વખતે પણ એ વિશ્ર્વાસ કાયમ રાખી ગુજરાતને પ્રગતિના પંથે લઇ જવા અપીલ કરી હતી.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, પહેલાં ગુજરાતની છબી ખરડાયેલી હતી અને દેશ અને વિશ્ર્વમાં વાતો થતી હતી કે ભારત કાંઇ નહીં કરી શકે અને ગુજરાત પણ કાંઇ નહીં કરી શકે. પહેલાં એક રૂપિયાનું કામ કરાવવું હોય તો આપણે સો રૂપિયાનો ખર્ચ કરવો પડતો હતો. પરંતુ આજે ગુજરાતને શું જોઇએ છે તેમની મારી કેન્દ્રની સરકારને ખબર હોવાથી ગુજરાત માંગે તે પહેલાં ગુજરાતને આપી દેવામાં આવે છે. આજે ગુજરાતની ધરતી દરેક ક્ષેત્રમાં પાણીદાર બનાવી દીધી છે. પીવાનું શુધ્ધ પાણી ઘેર ઘેર પહોંચાડવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રની સુકી ધરતી ઉપર ધરતી પુત્રોને સિંચાઇનું પાણી મળી રહે તે માટે નર્મદા જિલ્લામાંથી કચ્છની સુકી ધરતી સુધી માં નર્મદાને પહોંચાડવામાં આવી છે. દિકરીઓ આજે દેશમાં જ ઉચ્ચ અભ્યાસ કરી સૌથી ઉંચા હોદા ઉપર રોજગારી મેળવી દેશનું અને રાજ્યનું નામ રોશન કરી રહી છે. ટુરીઝમ ક્ષેત્રે પણ ગુજરાત રાજ્યએ હરણફાળ ભરી છે. ગુજરાતના ટુરીઝમની આજે વિશ્ર્વમાં ચર્ચા થઇ રહી છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, ભૂતકાળની કોંગ્રેસની સરકાર શાસનમાં ગુજરાત અને ગુજરાતના મહાનુભાવોનું સતત અપમાન કરતી આવી હતી. આજે ગુજરાતના મહાનુભાવોને યોગ્ય સન્માન મળી રહ્યું છે. ગુજરાતમાં ટુરીઝમ ક્ષેત્રનો વિકાસ થવાના કારણે વિદેશી મૂડી રોકાણ સૌથી વધુ ગુજરાતમાં આવી રહ્યું છે. આવા મૂડી રોકાણનો વધારો થવાથી રોજગારી, ઉદ્યોગ ગુજરાતમાં વધી રહ્યાં છે. રાજ્યમાં પહેલાં માતાઓ અને બહેનોની સુરક્ષા તેમનું આરોગ્ય અંગેની ચિંતાઓ કોઇએ કરી નથી. મારા નેતૃત્વમાં ગુજરાતની સરકારે માતાઓ અને બહેનોની ચિંતા કરી તેમની આબરૂનું લીલામ ન થાય તે માટે ખુલ્લામાં શૌચ ક્રિયામાંથી મૂક્તિ આપવા માટે શૌચાલયો બનાવવામાં આવ્યાં, આયુષ્યમાન યોજના

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

આઝાદી કા અમૃત મહોત્સવ

હેઠળ ગરીબમાં ગરીબ માણસને રૂ. પાંચ લાખ સુધીની સારવાર મફતમાં કરવામાં આવે છે. ચૂંલા ફૂકવાંમાથી મૂક્તિ આપવા માટે ગેસના ચૂલા આપવામાં આવ્યાં છે. કોરોનાના કપરા કાળમાં દેશનો કોઈ ગરીબ નાગરિક ભૂખ્યો ન સુવે તે માટે મફતમાં રાશન આપવામાં આવ્યું છે. પશુપાલકોને કોઇ તકલીફ ન પડે તે માટે બંધ પડેલ ડેરી ચાલુ કરવામાં આવી છે એટલું જ નહીં તેનો વિકાસ પણ કરવામાં આવ્યો છે. આપણે આજે આઝાદીના ૭૫ વર્ષ પુર્ણ થયેલ હોવાથી અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યાં છીએ ત્યારે આગામી ૨૫ વર્ષ એ ખૂબ જ મહત્વના હોવાથી વિકાસની વણથંભી વણઝાર ન અટકે તે માટે રાજ્યમાં સૌથી વધુ સીટો, સૌથી વધુ લીડ સાથે ગુજરાત વિધાનસભામાં મોકલી મારા તમામ રેકોર્ડ તોડી ભૂપેન્દ્રના નામે નવા રેકોર્ડ સ્થાપિત કરવા માટે મતદાનના દિવસે ૧૦૦ ટકા મતદાન કમળના સિમ્બોલ ઉપર કરવા અપીલ કરી હતી.

ગીર સોમનાથ જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના સમર્થનમાં યોજવામાં આવેલ આ વિશાળ જનસભામાં ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, ભારતીય જનતા પાર્ટીના સોમનાથ સીટના ઉમેદવાર શ્રી માનસિંહભાઇ પરમાર, તલાલા વિધાનસભા સીટના ઉમેદવાર શ્રી ભગવાનભાઇ બારડ, કોડીનાર વિધાનસભા સીટના ઉમેદવાર ડૉ. પ્રદ્યુમનભાઇ વાજા, ઉના વિધાનસભા સીટના ઉમેદવાર શ્રી કાળુભાઇ રાઠોડ, જિલ્લા સંગઠનના હોદેદારો, ચૂંટાયેલ પાંખના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)